# બંધન; રક્ષાનું કે રિવાજોનું ? (સત્ય ઘટના પરથી)

□ ચીમન પટેલ 'ચમન'

ટપાલના ઢગલામાંથી કિન્નરીની ટપાલને અશેષે પ્રથમ વાંચવા લીધી.

કવર ખોલતાં, પત્ર સાથે કિન્નરીએ મોકલેલી રંગ બેરંગી રાખડી એણે જોઈ. રાખડીને બાજુ પર મૂકી એણે પત્ર વાંચવા માંડ્યો !

ભાઈ અશેષ,

સમયના અભાવે આ વરસે તારી પાસે આવી, તને રાખડી બાંધી શકું એમ ન હોવાથી ટપાલ દ્વારા રાખડી મોકલી રહી છું. રક્ષાબંધનના દિવસે ભાભી પાસે એને તું બંધાવી લેજે.

ભગવાન તને લાંબુ આયુષ્ય અને આરોગ્ય આપે અને મને મારા ભાઈનો પ્રેમ અવિરત મળ્યા કરે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

તારી નાની બહેન કિન્નરીના વંદન.

બાકીની ટપાલો જોવાની પડતી મૂકીને અશેષે સોફાની ધાર પરથી અંદરની બાજુ ખસી સોફા પર માથું મૂકી છત પર આંખો ફેરવતાં ફેરવતાં એ વિચારોના વનમાં ખોવાઈ ગયો !

'તને શોપીંગ માટે સમય મળે છે. પાર્ટીઓ માટે સમય કાઢે છે અને રાખડી બાંધવા માટે તારી પાસે સમય નથી! પત્રમાં પણ બે ચાર વાક્યો સિવાય શું ટપકાવ્યું છે? મારા છોકરાઓને પણ તે યાદ કર્યા નથી. આટલા વરસો તો તું બહાર ગામ ભણવા ગઈ હતી એટલે તારી રાખડી ટપાલમાં મળતી ત્યારે એનું દુઃખ થયું નો'તું, પણ હવે તો તું ગામમાંજ નોકરી કરે છે. મા-બાપના ત્યાં રહે છે અને મારાથી ભાગ્યે જ પાંચ માઈલથી વધારે દૂર તું હોઈશ ત્યારે તને સમય નથી એ હું કેવી રીતે માની લઉ! મારે ત્યાં ન આવવાના બહાના કાઢ્યા કરતાં સાચી હકિકત કેમ જણાવી નથી? આ કરતાં રાખડીજ ન મોકલી હોત તો વધારે સારું હતું. મારે આ રીતે દુઃખીતો ન થવું પડત અને તારા વિશે મારે આવુ વિચારવું પણ ન પડત'.

કિન્નરી અશેષના સગા કાકાની દિકરી હતી. અશેષને પોતાની કોઈ સગી બહેન નો'તી એટલે, કાકાની દિકરી બહેન એને માટે સગી બહેન જેવી હતી. બંનેની વયમાં પાંચેક વર્ષનો તફાવત હતો. બંનેનો જન્મ પણ અમેરિકામાં થયો હતો.

કાકા સાથેના સામાજિક વહેવારો પહેલાંની જેમ ગાઢ હવે રહ્યા નો'તા. અશેષને એની ખબર હતી, પણ એ કડવાશને ભાઈ -બહેનના સબંધથી એ દૂર જ રાખતો હતો.

વડીલોના કડવા સબંધો વધારે કડવા ન બની જાય એ માટે વડીલો સાથેની ચર્ચાઓમાં એ ભાગ લેતો અને એના વિચારો વ્યક્ત પણ કરતો. એ ઈચ્છતો કે એના પિત્રાઈ ભાઈઓ અને બહેનો પણ એની જેમ વર્તી બંને કુટુંબ વચ્ચેની કડવાશને ઘટાડવાનો પ્રયત્ન કરે.

ભારતીય રિવાજો પાછળના ગૂઢ રહસ્યની વાતો ન તો એને વડીલો પાસેથી સાંભળવા મળી હતી કે ન એને વાંચવા મળી હતી.

સામાજિક પ્રસંગે, સગા-સબંધીઓ ભેગા થાય છે અને રીવાજો પ્રમાણે વહેવાર પણ કરે છે. પ્રસંગની મહત્તા તરફ આંખ આડા કાન કરી , કેટલાક સગાઓ વહેવારને (આપ- લેને) વધારે મહત્વ આપે છે. પરિણામે, સબંધોમાં કડવાશ ઊભી થાય છે. આ કડવાશ વિઘ્નસંતોષીઓની વાતોથી વધે છે. આવા રિવાજોના દિવસોમાં ભેગા થવાથી કુટુંબીઓની કડવાશ ઓછી થાય એ ભાવના આ રિવાજો પાછળ હશે એવું અશેષને લાગતું હતું.

અશેષની જેમ કિન્નરી પણ જો આમ વિચારતી હોય તો કેવુ સારું ?

દર વરસે અશેષ કિન્નરીને રક્ષાબંધન નિમિતે પચ્ચીસ ડોલરનો ચેક ટપાલ દ્વારા મોકલી આપતો અને પત્ની પાસે રક્ષાબંધનના દિવસે કિન્નરીની રાખડી બંધાવી લેતો હતો.

રક્ષાબંધનના દિવસે એની પત્નીએ યાદ દેવડાવી કહ્યું; 'લાવો કિન્નરી બહેનની રાખડી તમને બાંધી દઉ પછી મારે ગ્રોસરી લેવા જવું છે.'
'આ વખતે કિન્નરીની રાખડી હજુ આવી નથી !' દિલ પર પથ્થર મૂકી, અસત્યનો આશરો લઈ અશેષ બોલ્યો.
'એવું બને જ નહિ ! હું મારા ભાઈને રાખડી મોકલવી ભૂલી જાઉ છું, પણ કિન્નરી બહેન આજ સુધી કદી ભૂલ્યા નથી!'

'અભ્યાસના ગાળામાં વિદ્યાર્થીઓને ઘણુ બધુ યાદ રહે છે. નોકરીએ લાગતાં માનવીનું જીવન સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં એવું તો જકડાઈ જાય છે કે જેને માટે સમય કાઢવાની જરુંર છે એને માટે સમય મળતો નથી અને જેને માટે સમય કાઢવાની જરુંર નથી એને માટે દોડા દોડી થાય છે. મોઢાની મીઠાશ મેળવવા માનવી ખડા પગે દોડે રાખે છે, પણ મનની મીઠાશ મેળવવા ઘર છોડી નિકળવું ગમતું નથી.' આ બધુ પત્નીને કહેવાનો કોઈ અર્થ નો'તો એટલે એના વિચારોને રોકી રાખી એ બોલ્યો; 'આ વરસે એ ગામમાં છે એટલે ઈતર પ્રવૃત્તિઓમાં કિન્નરી રાખડી મોકલવી ભૂલી ગઈ લાગે છે.'
'એ તમે જાણો ને તમારી બહેન જાણે. મારે તો ગ્રોસરી લેવા જવાનું મોડુ થાય છે!' કહીને કિન્નરી ઘરની બહાર નિકળી ગઈ.

અશેષે એની પત્નીને આ રીતે સમજાવી તો લીધી, પણ એના અંદરના દુભાયેલા મનને ન મનાવી શક્યો. એક મક્કમ નિર્ણય કરીને એ કિન્નરીને ટપાલ લખવા સોફા પરથી ઉભો થઈ 'સ્ટડી' રૂમમાં ગયો.

ચિં બહેન કિન્નરી,

ટપાલમાં તારી રાખડી અને પત્ર બંને મળ્યા. ભાઈ માટે બે શબ્દો લખવાનો જે સમય કાઢ્યો એ માટે આભાર.

મારા આ પત્રની સાથે દર વર્ષની જેમ આ વખતે ચેક ન જોવા મળે તો આશ્ચર્યમાં ન પડતી. ચેક ભૂલી નથી ગયો, પણ જાણી જોઈને આ વખતે નથી મોકલ્યો !

રક્ષાબંધનના દિવસે ભાઈને મળવાનો અને રાખડી બાંધવાનો તને ઉમંગ નથી કે સમય નથી ? જો ઉમંગ હોય તો એ માટે તારી પાસે સમય કેમ નથી? તું ઊભી ઊભી આવીને મને મળી ગઈ હોત તો મને એ વધારે ગમ્યું હોત. ધારો કે ઉતાવળમાં

તું કદાચ રાખડી ભૂલી ગઈ હોત તો પણ મને  એનું દુઃખ ન થાત. મારે મન રાખડી મહત્વની નથી, પણ બહેનનો  પ્રેમ મહત્વનો છે. આ દિવસે ભાઈ-બહેન મળે, સુખ-દુઃખની  વાતો કરે, બંને વચ્ચે કોઈ કારણે કડવાશ ઊભી થઈ હોય તો એની ચર્ચા કરે એ મહત્વનું છે. ભાઈ-બહેનનો  પ્રેમ પ્રજળતો રાખવા રાખડીતો માત્ર માધ્યમ છે. ગામમાં રહીને  ટપાલમાં રાખડી મોકલવામાં મને તો રીવાજોનું જ બંધન  દેખાય છે;રક્ષાનું નહિ !!

આપણા બંનેના કુટુંબના વડીલો વચ્ચે જરુંર કોઈ કડવાશ ઊભી થઈ છે, પણ ભેગા થઈ એ કડવાશને દૂર કરવા કોઈ કંઈ જ કરતું નથી.

આપણે નવા યુગના સંતાનો છીએ. આપણા ઉચ્ચતર અભ્યાસને કારણે આપણે આપણા વડીલવર્ગને ભેગા કરીને કડવાશના કારણો ખોળી કાઢવા જોઈએ. અફવાઓમાં આવી જઈ મતભેદોને વધવા દીધા છે. એ મતભેદનો રોગ આપણી નવી પેઢીમાં પણ પ્રવેશી ગયાનો મને અંદરથી ડર લાગી રહ્યો છે. એટલે જ, મેં મારા વિચારોને તારી સમક્ષ આજે રજૂ કર્યા છે. આશા રાખું છું કે તું પણ તારા વિચારોને રજૂ કરીશ.

આપણે આપણા વડીલોના ચીલે ચાલ્યા વગર કંઈક નવું કરી બતાવવું જોઈએ. આપણે આ દિશામાં, સાથે રહી ડગ નહિ ભરીએ તો  આપણી અને આપણા વડીલો વચ્ચે મને કોઈ ફરક દેખાતો નથી. હાથમાં હાથ મિલાવી, આપણી જ્ઞાન સંપતિથી આપણે આગળ  આવવું છે અને આપણી ભાવિ પેઢી માટે સુકાન બનવું છે. એક બીજા પ્રત્યેના સ્નેહની ખેંચથી આપણા સબંધોની ગાંઠને મજબૂત બનાવવી છે. લોકોની વાતોમાં આવી એ સ્નેહની ગાંઠને  ઢીલી પડવા દેવી નથી.

મારે રાખડીની જેટલી જરુંર છે તેટલી બહેનની પણ જરુંર છે. રાખડીના વિવિધ રંગ અને ડીઝાઈનની મને બહું પરવા નથી. મારે તો બહેનનું હસતું ભોળું મુખ જોવું છે, એના મુખની વાણી સાંભળવી છે. મારે  રક્ષાનું સાચું અતૂટ બંધન જોઈએ છે નહિ કે રિવાજોનું સમજ્યા વગરનું બંધન !!

કુશળતા ઈચ્છતો,

ભાઈ અશેષના આશિષ.